BAOU
Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# 'કાહે કોયલ શોર મચાયે રે'…. નાટક ભજવણીમાં પ્રશ્નો અને ઉકેલ

## દિગીશ હરિશ્ચન્દ્ર વ્યાસ

૨૦૦૮માં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટસના નાટ્ય વિભાગમાં હું ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. એ વખતે ત્યાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ત્રણ એકાંકી ભજવવાના હોય. પહેલું નાટક મેં ભજવ્યું, લેખક જય હર્ષનું 'હું અને અરૂંધતી', હવે ચાલુ થઇ બીજા એકાંકીની શોધ. પુસ્તકાલયથી શોધની શરૂઆત કરી. પણ જે આંખને ગમી જાય પહેલી નજરે એવું એકાંકી ન જડ્યું. એ વખતે નાટ્ય વિભાગના અધ્યક્ષ હતા. પ્રો. ડૉ. મહેશ ચંપકલાલ શાહ. એમણે મને શ્રી લાભશંકર ઠાકરનું 'કાહે કોયલ શોર મચાયે રે' એકાંકી માટે સૂચન કર્યું. કહ્યું કે ઘણું સરસ છે, વાંચ, મજા આવશે અને ગમે તો ભજવ. તેઓએ મને એક નવી દિશા બતાવી. તરત જ મેં પુસ્તકાલયમાંથી એ પુસ્તક શોધ્યું અને માંડ્યું વાંચવા. એકાંકી વાંચવામાં એટલો તલ્લીન થઇ ગયો કે આખું એકાંકી એકી બેઠકે પૂરું કર્યું. ખુબ જ મજા આવી. નક્કી કર્યું કે આ જ એકાંકી ભજવવું. પછી તો મેં લેખક અને નાટક વિષે વધુ વાંચવા માંડ્યું. શોધખોળ શરુ થઇ. શ્રી લાભશંકર ઠાકરે ૧૯૭૯માં 'દર્પણ' સંસ્થા માટે પીળું ગુલાબ' એ નાટક પ્રથમ લીલાનાટ્ય સ્વરૂપે અને ત્યારબાદ ત્રિઅંકી લખ્યું હતું. એમાં એક દ્રશ્યરૂપે હતું, 'કાહે કોયલ શોર મચાયે રે'. મૂળ તો એ નાટકની અંદર નાટક તરીકે લખાયેલું એક દ્રશ્ય હોવાથી લેખકે 'કાહે કોયલ શોર મચાયે રે' એકાંકી સ્વતંત્ર રૂપે લખ્યું.

મને આ નાટક વધુ પસંદ પડ્યું તેનું કારણ એ કે નાયિકા 'માધવી' 'લવ એટ ફર્સ્ટ સાઈટ' – ના ભૂતકાળના પ્રથમ પ્રણયની રોમાંચક ક્ષણોને ફરી અનુભવવા માટે એ pastના પ્રસંગને એક દ્રશ્ય રૂપે પોતાના ડ્રોઈંગરૂમમાં રીતસર ભજવે. આ સમગ્ર chain of identitiesમાં મને ખુબ રસ પડ્યો. નાયિકા માધવી આંખ પર ગોગલ્સ ચઢાવીને છત્રી સાથે પ્રવેશે ત્યારે નવીન ડ્રોઈંગરૂમમાં જ જાણે વૉટર

કુલર હોય તે રીતે પાણી પીવાનો અભિનય કરે છે. મને આ દ્રશ્ય વાંચતાની સાથે જાણે મનમાં ભજવાતું હોય એવો અનુભવ થયો. અને હું રોમાંચિત થઇ ગયો.

માણસ પોતાના અતીતને છોડી શકતો નથી, ભૂતકાળ એને વહાલો હોય છે. Nostalgia, અતીતનું એક પ્રકારાનું વળગણ હોય. 'અમે જયારે નાના હતા ત્યારે, અમે જયારે કોલેજમાં હતા ત્યારે.' માણસ જેમ જેમ આગળ વધે તેમ અતીતની સ્મૃતિઓ જેવી કે બાળપણ, સ્કુલ, કોલેજ વગેરે એની સાથે રહે. આ વાત ગમી ગઈ. આ શાશ્વત તત્વ છે. અને એમાં નાટકનો નાયક જીવવા માંગે છે. માધવીના મીઠા અતિતમાં જીવવાના પોતાને વાસ્તવિક લાગતા પ્રયત્નો પ્રેક્ષકોને તો ફાર્સીકલ જ લાગે. નાયકને નાયિકા મૂછો લગાવે, ચશ્માં કઢાવે, પંદર વર્ષ પહેલા જે નંબરના બુટ હતા તે ફીટ હોવા છતાં, પગમાં ઠાંસી ઠાંસીને પહેરાવે. તે થોડીક અતિશયોક્તિ પણ લાગે. પરંતુ પ્રેક્ષકને એમાં રસ પડે, માન્યામાં ન આવે પણ મજા આવે. ગંભીર વાતને પણ અતિશયોક્તિ પૂર્ણરીતે વધારીને, ફુલાવીને કહેવામાં આવે ત્યારે એ કારુણ્યયુક્ત વિચાર કે ભાવ પણ હળવાશપૂર્વક પણ સચોટ રીતે લોકો સુધી પહોચે છે. બ્લેક કોમેડી પણ કહી શકીએ, માધવી અને નવીનની વાત અહિયાં પૂરી થતી નથી, અહી લેખકે પણ આ જ કમાલ કરી છે. ભૂતકાળના પડછાયાઓ જ ભવિષ્ય રૂપે લંબાતા હોય, માણસની વર્તમાનની ક્ષણમાં ભૂત-ભાવિના ઓછાયા પડતા હોય છે. આ માણસની કરુણ વિસંગતિ છે.

માધવીને પ્રથમ મિલનની અને પ્રથમ પ્રણયની દ્રુઢમૂલ સ્મૃતિ છે. એ સ્મૃતિગ્રસ્ત છે. કહો કે ભૂતકાળગ્રસ્ત છે. સ્મૃતિગ્રસ્ત, કાલગ્રસ્ત રોમાંચક સંવેદનો પામવા, ફરી પામવા એ તલપે છે. માધવીની સ્મૃતિમાં જેમ dead past છે તેમ નવીનના સ્મૃતિપુંજમાં past છે. એમાં માની સ્મૃતિઓ છે. નવીન 'લોટરીની ટીકીટો' લે છે પણ તેના અતિત સાથે, માં સાથે ચીટકેલી લાગણીનો રૂપાંતરિત આવિર્ભાવ છે. લોટરી લાગે તો માં મળે, સલામતી – સુરક્ષા મળે એવી ભાવસંકુલતા નવીનની ચેતનામાં પ્રવર્તતી જણાય છે. માધવી નવીનની હેર સ્ટાઇલ પંદર વર્ષ પૂર્વે હતી તેવી કરવા, એના માથામાં કાંસકો ફેરવીને વાળ ગોઠવે છે, ત્યારે નવીન માધવીને કહે છે:

'ફરી આમ માથામાં કાંસકો ફેરવને'

'કેમ?'

'મને ગમે છે. અને પાંથી ખોલીને એમાંથી જૂ પકડને'

'જૂ-લીખ કશું નથી, તારું માથું તો એકદમ ચોખ્ખું છે.'

'ખોટી – ખોટી જૂ પકડ ડિયર, મને બહુ ગમે છે. મારી બા મને આ રીતે બેસાડીને માથું જોઈ આપતી.'

આ દ્રશ્ય ત્રિઅંકીમાં છે, પરંતુ મને ખુબ જ સ્પર્શી ગયું, તેથી આ પુરા દ્રશ્યને એકાંકીની પ્રતમાં ન હોવા છતાં પ્રસ્તુત કર્યું. અને જયારે નાટક જેટલી પણ વાર મે ભજવ્યું ત્યારે સૌ પ્રેક્ષકોએ આ દ્રશ્યને પૂરેપૂરું માણ્યું. અને હાલરડાંના સંગીતથી દ્રશ્ય વધારે ઉચકાયું. તાળીઓનો ગડગડાટ. ઝીણી ઝીણી અતિ સંકુલ વિગતો, બાબતો, ઘટનાઓ, પદાર્થો માણસમાં સ્મૃતિરૂપે અંકિત થયા કરે છે અને સંગ્રહાય છે.

'કાહે કોયલ શોર મચાયે રે' એકાંકીમાં ગીત મહત્વનું છે. એ ગીત વિષે પુસ્તકમાં પણ લેખકે નોધ્યું છે. અને એ વખતે પણ ગીતનું શું કરવું? એ મથામણ હતી. 'પીળું ગુલાબ' નાટક ભજવતી વખતે સંગીતની જવાબદારી નિભાવતા શ્રી યોગેન ભટ્ટે 'પંછી બન મેં પિયા પિયા ગાને લગા, પંછી બન મેં' ગીત મુક્યું છે. પરંતુ એકાંકી 'કાહે કોયલ શોર મચાયે રે' ભજવતી વખતે મેં મૂળ ગીતનો આગ્રહ રાખ્યો હતો, શોધખોળ કરતા રાજકપૂરની ફિલ્મ 'આગ'માંથી એ ગીત મળ્યું. ફિલ્મ પણ મેં પૂરી જોઈ. અને મને એ ગીત વધુ અનુકુળ લાગ્યું. તેથી એ જ ગીત મેં મારા પ્રત્યેક શોમાં રાખ્યું. અને પ્રેક્ષકોને પણ એ પસંદ પડ્યું.

એકાંકીની પ્રત હાથમાં હતી. અને હવે થઇ રીહર્સલની શરૂઆત. હું દિગ્દર્શક અને અભિનેતા તરીકે તેમજ ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી મારી ક્લાસમેટ અભિનેત્રી તરીકે. અમે વાંચવાની શરૂઆત કરી. બે જ અભિનેતા એટલે અમે જ્યાં સમય મળે ત્યાં સ્ક્રીપ્ટનું વાંચન કરી લેતા હતા. અમને વાર્તામાં મજા આવતી હતી. પરંતુ કઈક ખૂટતું હોય એમ લાગતું હતું. પણ શેની એ ખબર પડતી નહોતી. મારા પિતાશ્રી અને નાટ્ય વિભાગના પ્રોફેસર શ્રી હરીશ વ્યાસે અમને એક વખત સ્ક્રીપ્ટનું રીડીંગ કરતા સાંભળ્યા. તેઓએ કહ્યું, 'સારું છે, પરતું તમે જેવા છો એ જ રીતે વાંચો. સહજ બનીને, સાહજિક રીતે, તમારામાંથી ચરિત્ર પ્રગટ થવું જોઈએ. તમારામાં પાત્રની લાક્ષણિકતાઓ લાવો. પછી પાત્રોના મનોભાવ, પરિસ્થિતિ આત્મસાત થતા તે પ્રમાણે પાત્રગત વિવિધતા આવી જશે. તમે જ નવીન અને માધવી છો એ જ રીતે. અવાજને કૃત્રિમ ન બનાવો, પાત્ર બનવાનો પ્રયત્ન ન કરો, તમે પાત્ર બની જાઓ. બસ પછી તો જે ખૂટતું હતું તે મળી ગયું. અને સડસડાટ રીહર્સલ શરૂ.

જેમ જેમ રીહર્સલ થયું, ત્યારે ફરી એક સમસ્યાએ જન્મ લીધો. માધવી સ્ક્રીપ્ટ માં મોટાભાગના સંવાદની શરૂઆત કરે ત્યારે કહે છે, 'પંદર વર્ષ પહેલાનો નવીન'. અને શરૂઆત સરખી છે, પછી

આખો સંવાદ બદલાય છે. અને એ પછી તરત નવીનનો સંવાદ. એટલે જો કયું બરાબર ન મળે તો શું થાય? એટલે એ માટે અમે ઘણા રીહર્સલ કર્યા, અને છેવટે નક્કી પણ કર્યું કે શો વખતે જો સંવાદ ફરી પાછો એક નો એક આવે તો ઈમ્પ્રોવાઈઝ કરવું, અને એ માટે પણ અમે તૈયારી કરી લીધી. ક્યાંક સંગીતની મદદ પણ લીધી. જેથી અભિનેત્રીને ખબર રહે કે હવે કયો સંવાદ છે. અને હું પણ ઈમ્પ્રોવાઈઝ માટે તૈયાર હતો જ.

હવે થઇ અંતિમ દ્રશ્યની શરૂઆત. પ્રથમ વખત પ્રત વાંચી હતી ત્યારે મને લાગ્યું હતું અંત તરત જ આવે છે, કઈક ખૂટે છે, અંત સારો છે પણ હજી કઈક વધારે હોય તો સારું લાગે. એટલે હું અમારા નાટ્ય વિભાગના પ્રાધ્યાપક ડૉ. ભાનુપ્રસાદ ઉપાધ્યાય પાસે ગયો. તેમને આ વિષે વાત કરી. મેં કહ્યું, સર, 'ડ્રોઇંગરૂમને પાર્ક માની લઇ માધવી અને નવીન આખું દ્રશ્ય કરે છે, પરંતુ છેલ્લે નવીનને છત્રી બંધ કરતા ખરેખર ચીપટી આવી જાય છે, અને તે past માંથી presentમાં આવી જાય છે. અને માધવી રડે છે. નવીન આખો સીન પાર્કમાં જઈને કરવાની વાત કહે છે. માધવી માની જાય છે. માધવી દવાની શીશી  લાવે છે, ત્યાજ નવીન ટાઈ છોડે છે, ચશ્માં પહેરે છે, મુછ ઉખાડીને કાઢી નાખે છે. અને પૂર્વવત હતો તેવો થઇ જાય છે, આ જોઈ માધવી કોઈ અજાણ્યાને જોતી હોય તેમ યથાવત સ્થિર, મૂર્તિવત ઉભી રહે છે.' આ અંત છે. સારો છે. પરંતુ મને લાગે છે હજી કશુક હોય તો વધુ સારું બને. એ ખૂટતી કડી શોધવી છે. ત્યારે એમને મને 'કાહે કોયલ શોર મચાયે રે' નાટક જે ત્રિઅંકી લખાયું છે, તે વાંચવાની વાત કરી. મેં પૂરું નાટક વાંચ્યું. અને એ નાટકના અંતિમ દ્રશ્યના સંવાદો આમાં ઉમેરણ કરી તેને એક વધુ સારો અંત થઇ શકે એ રીતે બનાવવાનો પ્રયાસ કર્યો.

ત્રિઅંકી નાટકનું અંતિમ દ્રશ્ય ઘણી વાર વાંચ્યું. અને સિફતથી એકાંકીના અંત સાથે જોડ્યું. પ્રેક્ષકોને ક્યાય ખચકાટ ન લાગ્યો. અને રસતરબોળ થઇ ગયા. અંત વધુ આકર્ષક અને ભાવવાહી બન્યો.

એકાંકીના અંતમાં જયારે માધવી દવાની શીશી લઈને આવે છે, ત્યાં ત્રિઅંકીના અંતના સંવાદો જોડ્યા, માધવી દવા લગાવે છે.

માધવી: નવીન, આખો સીન એકઝેટ થવો જોઈએ.

નવીન: પરફેક્ટ ડાર્લિંગ, ભૂલચૂક વિનાનો.

પછી થોડા સંવાદો, ત્યારબાદ ફરી એ સંગીત, માધવીનો છત્રી અને ગોગલ્સ સાથે પ્રવેશ, નવીન વોટરકુલરથી પાણી પીતો હોય એમ અભિનય, આમ બે વાર આ ગીત, દ્રશ્ય મુક્યું. પરંતુ બીજી વખતે ત્રિઅંકી નાટકના અંતમાં માધવી અને નવીન વચ્ચે સંવેદનાયુક્ત અને થોડી રમુજ, પ્રણય પ્રગટ કરે તેવા સંવાદો છે તે પ્રસ્તુત કર્યા.

નવીન છત્રીને બંધ કરવા મથામણ કરે છે, અને છેવટે એની આંગળી પર ચિપટી આવી જાય છે. માધવી નવીનને ભીનો ભીનો પાટો બાંધવા જાય છે, નવીન શરમાય છે, આંગળી પાછી ખેંચી લે છે.

માધવી: એમ શું કરો છો?

નવીન: ગલીપચી થાય છે.

માધવી: ખરા છો તમે.

નવીન: છે ને, આ રીતે કોઈ સ્ત્રીનો સ્પર્શ થયો નથી કદી.

માધવી: સાચે જ? સ્ત્રીનો આ પ્રથમ સ્પર્શ છે?

નવીન: ના, એમ તો મારી બા મને ભીનો પાટો વીટાળી દેતી આંગળી પર, કેમ કે જયારે જયારે છત્રી બંધ કરવા જઉં ત્યારે ત્યારે ચિપટી આવી જાય, મને છત્રી બંધ કરતાં નથી આવડતી, નાનપણથી.

અહી મને લાગ્યું કે નવીનને બાની સ્મૃતિ, નાનપણની યાદોનું પણ વળગણ છે જ. તો પ્રેક્ષકોને એ બતાવવું જોઈએ. એટલે જ આ અંતિમ દ્રશ્ય અને માથામાં કાંસકી ફેરવતા બાની યાદનું દ્રશ્યનું ઉમેરણ કર્યું.

અંતમાં માધવી જયારે ભીનો પાટો નવીનની આંગળી પર બાંધે છે, ત્યારે નવીનને બા પણ આ રીતે જ પાટો બાંધતી તે યાદ કરીને રડે છે.

માધવી: રડો છો શા માટે?

નવીન: માની યાદ આવી ગઈ, મારી બા આ રીતે જ ----

માધવી: કેમ, અટકી ગયા?

નવીન: વહાલથી પાટો બાંધી આપતી, ભીનો ભીનો.

માધવી અને નવીન આખો સીન એકઝેટ કરે છે, પણ એ સંવેદના, સેન્સેશન, એ વાઈબ્રેશન જે પંદર વર્ષ પહેલા પ્રથમ વખત બંને મળ્યા હતા તે માધવીને અનુભવાતું નથી. નાયિકાની અતિતની એ ક્ષણોને પામવાના પ્રયાસ નિરર્થક બને છે, અને તે......

માધવી: આઈ ડોન્ટ ફિલ એનીથિંગ, ધેર ઈઝ નો વાઈબ્રેશન્સ, નો સેન્સેશન, નો થ્રિલ, આઈ ડોન્ટ ફિલ એનીથિંગ.

આમ, નાટકનું શીર્ષક 'કાહે કોયલ શોર મચાયે રે' આ અંતમાં સાર્થક થાય છે. આ એકાંકીની મંચન ક્ષમતા વિષે વાત કહું તો 'કાહે કોયલ શોર મચાયે રે...' મે સફળ રીતે મંચ પર ભજવ્યું ઉપરાંત પ્રો. ડૉ. મહેશ ચંપકલાલના માર્ગદર્શનમાં પ્રેમાનંદ સાહિત્ય હોલ, વડોદરા અને ગાંધીનગરના સભાગૃહમાં નાટ્યાત્મક વાંચન પણ કર્યું. આમ, ક્યારેક પ્રેક્ષકો તરીકે કલારસિકો, તો ક્યારેક કોલેજના વિદ્યાર્થીઓ તો વળી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદમાં ભજવ્યું ત્યારે પ્રેક્ષકો તરીકે અધ્યાપકો હતા. પ્રેક્ષકો પ્રયોગે પ્રયોગે બદલાતા રહ્યા. તેમાં વિવિધતા આવી, પણ હરેક પ્રયોગમાં આ એકાંકી પ્રેક્ષકોને પેટ પકડીને હસાવતું રહ્યું, સાધારાણત: પ્રેક્ષકો માધવી સાથે તાદાત્મ્ય ભાવ અનુભવી પોતાના અતીતના સ્મરણોને વાગોળતા તો વળી માધવીની લાગણીમાં તણાઈ માધવીને અનુરૂપ થવા યત્ન કરતા નવીન પ્રત્યે સહાનુભૂતિનો ભાવ દાખવતા.

**સંદર્ભ ગ્રંથ:**


1) કાહે કોયલ શોર મચાયે રે – લેખક – લાભશંકર ઠાકર

2) પીળું ગુલાબ અને હું – લેખક – લાભશંકર ઠાકર



**દિગીશ હરિશ્ચન્દ્ર વ્યાસ**

**આસીસ્ટન્ટ પ્રોફેસર – પરફોર્મિંગ આર્ટસ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**